
www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Tuesday
03.08.2021
✳Volume :5 ✳ Issue No. 353
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :06✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## હું આશાવાદી છું કે અમૃત મહોત્સવની ઉજવણી કરતી વખતે: પ્રધાનમંત્રી




**ભારત નવી ઉંચાઈઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ૧૩૦ કરોડ ભારતીયો સખત મહેનત કરવાનું ચાલુ રાખશે: પ્રધાનમંત્રી**

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ આશાવાદી છે કે ૧૩૦ કરોડ ભારતીયો ભારતને અમૃત મહોત્સવની ઉજવણીની સાથે નવી ઉંચાઈઓ સુધી પહોંચવા માટે સખત મહેનત કરવાનું ચાલુ રાખશે. શ્રેણીબદ્ધ ટ્વીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું; "જેમ જેમ ભારત ઓગસ્ટમાં પ્રવેશી રહ્યું છે, જે અમૃત મહોત્સવની શરૂઆતનું પ્રતીક છે, આપણે ઘણી ઘટનાઓ જોઈ છે જે દરેક ભારતીય માટે આનંદદાયક છે. રેકોર્ડ રસીકરણ થયું છે અને ઉચ્ચ જીએસટી સંખ્યા પણ મજબૂત આર્થિક પ્રવૃત્તિનો સંકેત આપે છે. પીવી સિંધુએ માત્ર યોગ્ય લાયક મેડલ જ જીત્યો નથી, પણ ઓલિમ્પિકમાં પુરુષ અને મહિલા હોકી ટીમો દ્વારા ઐતિહાસિક પ્રયાસોને પણ જોયા છે. હું આશાવાદી છું કે અમૃત મહોત્સવની ઉજવણી કરતી વખતે ભારત નવી ઉંચાઈઓ પર પહોંચે તે માટે ૧૩૦ કરોડ ભારતીયો સખત મહેનત કરવાનું ચાલુ રાખશે.''

# મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ૨જી ઓગસ્ટ-સંવેદના દિવસે "સેવા સેતુ કાર્યક્રમ"ના રાજ્યવ્યાપી છઠ્ઠા તબક્કાનો રાજકોટથી શુભારંભ કરાવ્યો

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પંડીત દિનદયાળે આપેલા એકાત્મ માનવવાદના સિદ્ધાંતને અનુસરી કલ્યાણ રાજ્યનો ધ્યેય પાર પાડવા સરકારે શાસનની સાથે પ્રશાસનને-તંત્રને પણ સંવેદનાસભર બનાવ્યું છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે. મહામારી અને તાઉતે વાવાઝોડામાં જનતાની સેવામાં પ્રશાસને અભૂતપૂર્વ સંવેદનશીલતા દાખવી છે પણ પયાયન કે પીછેહઠ કરી નથી. વર્તમાન સરકાર જાડી ચામડીની નહીં ,પરંતુ ગરીબો, પીડીતો, શોષિતો માટેની સંવેદનશીલ સરકાર છે. સમાજના નબળા વર્ગોની સેવા એ જ અમારો મંત્ર છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષની પૂર્ણતા પ્રસંગે બીજી ઓગસ્ટ-સંવેદના દિવસે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યવ્યાપી "સેવા સેતુ કાર્યક્રમ"ના છઠ્ઠા તબકાનો રાજકોટથી શુભારંભ કરી યોજનાકીય મહત્વપૂર્ણ જાહેરાતો પણ કરી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તેમના જન્મદિવસે સંવેદનાસભર જાહેરાત કરતા જણાવ્યું કે, રાજ્યની વિધવા મહિલાઓના સમાજમાં પુનઃસ્થાપન માટે "ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના'' અંતર્ગત રાજ્ય સરકાર રૂ. ૫૦ હજાર આપશે. કષ્ટપૂર્ણ વૈધવ્ય જીવન જીવતી મહિલા પુનઃલગ્ન કરવા પ્રેરાય અને પગભર બની નવું જીવન જીવે તે માટે આ યોજના શરૂ કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે અન્ય એક જાહેરાત કરતા જણાવ્યું કે, કોરોનાકાળમાં માતા કે પિતા કોઈ એક વાલી ગુમાવનાર બાળકને પણ રાજ્ય સરકાર રૂ. ૨ હજાર



પ્રતિમાસ આર્થિક સહાય 'એક વાલી યોજના અંતર્ગત આપશે. કોરોનાકાળમાં પોતાના પાલનહાર ગુમાવનાર એક પણ બાળક નિરાધાર ન રહે અને આર્થિક સહાય મેળવી ઉજ્જવળ કારકીર્દી ઘડી શકે તે માટે આ નિર્ણય લેવાયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારની સંવેદનશીલતા માત્ર માનવી પુરતી સિમિત ન રહેતા જીવ પ્રાણી માત્ર સુધી વિસ્તરી છે. એનિમલ એમ્બ્યુલન્સ, કરૂણા અભિયાન, પાંજરાપોળોને કોરોનાકાળમાં આર્થિક સહાય જેવા રાજ્ય સરકારના પગલાનો તેમણે આ તકે ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કર્તૃત્વની પરાકાષ્ઠા સર્જી અમે નિર્ણાયકતા-સંવેદનશીલતા-પ્રગતિશીલતા-પારદર્શિતાના પાયા પર પાંચ વર્ષ સુધી જનતાને સુશાસન આપ્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા વિકાસ, જનભાગીદારી અને ઈમાનદારીના પદચિન્હો પર અમે ચાલી રહ્યા છીએ. નવ દિવસ સુધી યોજાનારા કાર્યક્રમો એ પાંચ વર્ષની ઉજવણી નથી પરંતુ રાજ્ય સરકારે આદરેલો જનસેવાયજ્ઞ છે. મુખ્યમંત્રીશ્રીએ સેવાસેતુને રાજ્ય સરકારની સંવેદનશીલતાનું આગવું ઉદાહરણ ગણાવી કહ્યું કે, હવે લોકોને પોતાના સરકારી કામકાજ માટે કચેરીઓના ધક્કા ખાવાની જરૂર રહી નથી. લોકોના કામ કરવા સરકાર સામે ચાલીને એમના દ્વારે આવી છે. તેમણે વધુમાં કહ્યું કે, સેવાસેતુ બાદ

- **રાજ્યની વિધવા મહિલાઓને સમાજમાં તેમના પુનઃસ્થાપન અર્થે "ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના'' અંતર્ગત રાજ્ય સરકાર રૂ. ૫૦ હજાર સહાય આપશે**
- **કોરોનામાં માતા-પિતામાંથી કોઇ એક વાલી ગુમાવનાર બાળકને 'એક વાલી યોજના અંતર્ગત રાજ્ય સરકાર માસિક રૂ. ૨ હજાર સહાય આપશે.**
- **પંડીત દિનદયાળે આપેલા એકાત્મ માનવવાદના સિદ્ધાંતને અનુસરી કલ્યાણ રાજ્યનો ધ્યેય પાર પાડવા અમે શાસનની સાથે પ્રશાસનને-તંત્રને પણ સંવેદનાસભર બનાવ્યું**
- **કર્તૃત્વની પરાકાષ્ઠા સર્જી અમે નિર્ણાયકતા-સંવેદનશીલતા-પ્રગતિશીલતા-પારદર્શિતાના સ્તંભપર પાંચ વર્ષમાં જનતાને સુશાસન આપ્યું**
- **શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા વિકાસ, જનભાગીદારી અને ઈમાનદારીના પદચિન્હો પર અમે ચાલી રહ્યા છીએ**
- **કોરોના મહામારી અને તાઉતે વાવાઝોડામાં જનતાની સેવામાં પ્રશાસને અભૂતપૂર્વ સંવેદનશીલતા દાખવી પણ ક્યારેય પીછેહઠ કે પલાયન થયા નથી**
- **આપણી સરકારના પાંચ વર્ષની આ ઉજવણી નથી પરંતુ જનતાની સેવાનો મહાયજ્ઞ છે.**
- **મુખ્યમંત્રીશ્રીના હસ્તે "સેવા સેતુ કાર્યક્રમ"ના વિવિધ લાભાર્થીઓને રૂપિયા ૪.૭૫ કરોડની સાધન સહાયનું વિતરણ અને કોરોનાકાળમાં અનાથ બનેલા ૩૯૬૩ બાળકોને આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું**

હવે ઈ-સેવાસેતુના માધ્યમથી લોકો જરૂરી સરકારી પ્રમાણપત્રો, દાખલા, યોજનાકીય લાભ વિગેરે ઘરે બેઠા મેળવી રહ્યા છે. સરકારે વિવિધ વિભાગોની ૫૫ સેવાઓને ઈ-સેવાસેતુ સાથે જોડી દીધી છે. ઓપ્ટિકલ ફાઈબરની જાળ બિછાવી ગુજરાતના ગામડાઓને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી આપી છે. સેવાસેતુના અમલથી પારદર્શકતા લાવી ભ્રષ્ટાચારને દૂર કરવા રાજ્ય સરકાર કટિબધ્ધ તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમની વર્ષગાંઠ નિમિત્તે શુભેચ્છા પાઠવનારા તમામ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો અને ઉપસ્થિતોનું અભિવાદન ઝીલ્યું હતું. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સમાજ સુરક્ષા વિભાગ અને જે. એમ. ફાઈનાન્સિયલ ફાઉન્ડેશન વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેંન્ડીંગ કરવામાં આવ્યા હતા. કોરોનામાં વાલીની છત્રછાયા ગુમાવનાર પ્રત્યેક બાળકને જે. એમ. ફાઉન્ડેશન વાર્ષિક રૂપિયા ૫૦ હજાર સુધીની શિક્ષણ ફી બાળકની શાળામાં સીધી જમા કરાવશે. જે.એમ. ફાઉન્ડેશનના આ સ્તુત્ય અભિગમને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે "સેવા સેતુ કાર્યક્રમ"ના વિવિધ લાભાર્થીઓને રૂપિયા ૪.૭૫ કરોડની સાધન સહાયનું વિતરણ, કોરોનાકાળમાં અનાથ બનેલ ૩૯૬૩ બાળકોને આર્થિક સહાય વિતરણ અને રાજકોટ મહાનગરપાલિકાના સીટીઝન પોર્ટલનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારે કોરોના કાળમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકો માટે રાજ્ય સરકારે અમલી બનાવેલી "મુખ્યમંત્રી બાળ સેવા સહાય યોજના" ની વિગતો આપતા કહ્યું કે, આ યોજના આવતી કાલના નાગરિક સમા બાળકોના ભવિષ્ય માટે રાજ્ય સરકારે સેવેલી ચિંતાનું પ્રતિબિંબ છે. આ પ્રસંગે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" , "એક વાલી યોજના" અને "ગંગાસ્વરૂપ મહિલા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના" ની વિગતો વર્ણવતી ડોક્યુમેન્ટ્રીનું પ્રસારણ કરાયું હતું. આ કાર્યક્રમમાં મેયર ડોક્ટર પ્રદીપ ડવ, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, અગ્રસચિવશ્રી કે. કૈલાશનાથન, સચિવશ્રી સુનયના તોમર અને શ્રી કે.કે.નીરાલા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરા, શ્રીમતિ અંજલીબેન રૂપાણી, શ્રી કમલેશ મિરાણી અને શ્રી નીતિન ભારદ્વાજ અને સેવા સેતુ કાર્યક્રમની વિવિધ યોજનાના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વડોદરા જિલ્લામાં રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ નિમિતે નવ દિવસીય જનસેવા યજ્ઞનો પ્રારંભ**

# વડોદરા શહેર જિલ્લામાં સાત સ્થળોએ જ્ઞાન શક્તિ દિવસની ઉજવણી



## બિન અનામત વર્ગોના વિદ્યાર્થીઓને આર્થિક પીઠબળ આપવા મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ રૂ.૭૦૦ કરોડથી વધુ રકમની ફાળવણી કરી છે: નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

કમલમ દૈનિક,

વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે અને તેમની તેજસ્વી કારકિર્દી ઘડવા અમારી સરકાર સંકલ્પબદ્ધ છે તેવા શબ્દો સાથે રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે,દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતના વિદ્યાર્થીઓને વિશ્વમાં સ્પર્ધા કરે તેવા સક્ષમ બનાવવા નું આયોજન કર્યું જેને અમારી સરકાર વ્યાપક બનાવી રહી છે.

વિશ્વ કક્ષા ના વિદ્યાર્થીઓ તૈયાર કરવાની આ સુવિધાને પગલે વિશ્વમાં આપણા વિદ્યાર્થીઓ નામના મેળવી રહ્યાં છે. નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ આજે વડોદરામાં સુશાસનના પાંચ વર્ષ નિમિતે યોજાયેલ જ્ઞાન શક્તિ દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા. વડોદરા શહેર જિલ્લામાં સાત સ્થળોએ જ્ઞાન શક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે અમેરિકાની નાસા સહિતની સંસ્થાઓ,વિશ્વની મોટી કંપનીઓમાં ગુજરાતના દેશના વિદ્યાર્થીઓ અગત્યના પદો સંભાળી રહ્યાં છે.ભારતીય વિદ્યાર્થીઓ ,માનવ સંપદા વગર અમેરિકાનો આઇ.ટી.ઉદ્યોગ મૂંઝવણ અનુભવે તેવી સ્થિતિ છે. ગુજરાત સરકારે પ્રશાસન ની સાથે શિક્ષણ ની ઓનલાઈન, વર્ચ્યુઅલ સુવિધાઓ વિકસાવી જેના પગલે કોરોના કાળમાં શિક્ષણ ચાલુ રહી શક્યું. પ્રશાસનમાં ટેકનોલોજી ના વિનિયોગ થી સરકારે છેવાડા ના માનવી સુધી યોજનાઓ ના લાભો પહોંચાડવાનું આયોજન કર્યું છે.અમારી સરકારે ટેકનોલોજી આધારિત શિક્ષણ સુલભ અને સરળ બનાવવા રૂ. એક હજારના ટોકન દરે વિવિધ વિદ્યા શાખાઓના ૩ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટની સુવિધા આપી છે. દેશમાં પ્રથમવાર ગુજરાતે પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને કુલ રૂ.૩ લાખની શિષ્યવૃતિ તબક્કાવાર આપવાની યોજના શરૂ કરવાની પહેલ કરી છે.મને આનંદ છે કે વડોદરાની મ. સ.વિશ્વવિદ્યાલયના સહુથી વધુ ૧૩૨ વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિને પાત્ર ઠર્યા છે. યુ.જી.સી. એ હવે વિશ્વ વિદ્યાલય કે કોલેજના શિક્ષક માટે પી.એચ.ડી.ની લાયકાત અનિવાર્ય કરી છે ત્યારે ગુજરાતની આ યોજના વિદ્યાર્થીઓ ને ખૂબ જ પ્રોત્સાહિત કરશે. નવી પેઢીના યુવાનો અને વિદ્યાર્થીઓ હવે દેશના ઘડવૈયા બનશે.તેને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના યશસ્વી નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ દ્વારા શિક્ષણના વર્તમાન જરૂરિયાત પ્રમાણે સતત નવીનીકરણનું અને વિવિધ યોજનાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું વ્યાપક આયોજન કર્યું છે.એસ.સી.એસ.ટી. સહીત અનામત વર્ગોના વિદ્યાર્થીઓ ની સાથે બિન અનામત વર્ગોના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ રૂ.૭૦૦ કરોડથી વધુ રકમના ખર્ચે શૈક્ષણિક યોજનાઓ નો લાભ આપવાનું આયોજન કર્યું છે. મ.સ.યુનિવર્સિટી એ રાજ્યની એકમાત્ર નિવાસી યુનિવર્સિટી છે



તેનો ઉલ્લેખ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યુ કે સરદાર સાહેબે આ સંસ્થા સાથે સંકળાયેલી શાળામાં થોડો સમય શિક્ષણ લીધું હતું. મહામાનવ બાબા સાહેબ આંબેડકર, મહર્ષિ અરવિંદ જેવા રાષ્ટ્ર રત્નો આ વિદ્યાધામ સાથે જોડાયેલા રહ્યાં છે.તેના વિદ્યાર્થીઓ એ દેશ અને દુનિયામાં વડોદરાનું,ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે.તેમણે જ્ઞાનશક્તિ કાર્યક્રમના સુંદર અને સફળ આયોજન માટે કુલપતિ અને ટીમ મ. સ. યુ. ને અભિનંદન આપ્યા હતા.

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ન.મો.ટેબલેટ, શોધ યોજના હેઠળ પી.એચ.ડી.કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક, મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને લોન સહાયનું વિતરણ કર્યું હતું. ધારાસભ્યશ્રી જીતુભાઈ સુખડીયાએ જણાવ્યું કે રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના સક્ષમ નેતૃત્વમાં સૌના સાથ, સૌના વિકાસ થકી વિકાસની ગતિ વધુ તેજ બની છે. ગુણવતાયુક્ત શિક્ષણની દિશામાં ગુજરાત આજે સમગ્ર દેશમાં અગ્રેસર છે.જ્ઞાન કુંજ પ્રોજેક્ટના માધ્યમથી સ્માર્ટ ક્લાસ દ્વારા ગામડાઓ સુધી ટેકનોલોજી આધારિત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ના નેતૃત્વ હેઠળની સરકારે પાંચ વર્ષમાં શૈક્ષણિક તેજસ્વીતા પ્રોત્સાહિત થાય એવા યશસ્વી કામો કર્યા છે તેવી લાગણી વ્યક્ત કરવાની સાથે સહુને આવકારતા મ. સ.વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રા.પરિમલ વ્યાસે જણાવ્યું કે રાજ્યને શિક્ષણમાં અગ્રેસર રાખવામાં વિશ્વવિદ્યાલય અગત્યનું યોગદાન આપી રહી છે.રાજ્ય સરકારની વિવિધ વિધ્યોત્તાક યોજનાઓનો લાભ આ યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ લઈ રહ્યાં છે અને તેમણે અનેક સિદ્ધિઓ મેળવી છે. આ પ્રસંગે અગ્રણી શ્રી ભાર્ગવ ભટ્ટ, વિજયભાઈ શાહ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ,કલેકટર શ્રી આર.બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી ડો.રાજેન્દ્ર પટેલ, યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટીના ડીન,પદાધિકારીઓ સહિત વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વિશ્વ વિદ્યાલય રજિસ્ટ્રાર શ્રી ચુડાસમાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી......

પાંચ વર્ષ આપણી, સરકારના સૌના સાથ સૌના વિકાસનાઅંતર્ગત અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે સંવેદના દિનને ઉપલક્ષયે સેવા સેતુ દ્વારા ૫૦ જેટલી વિવિધ સરકારી યોજનાઓનો લાભ એક જ સ્થળ પર મળી રહે તેવું સુદ્રઢ આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયું કરાયું હતું.છેવાડાનો એક પણ વ્યક્તિ સરકારી યોજનાઓથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા કટીબદ્ધ રહે છે, માટે જ સેવા સેતુ જેવા કાયક્રમો દ્વારા જનતાને ઘરઆંગણે જ સુવિધાઓ મળી રહે તે સરકારશ્રી પ્રાથમિકતા રહી છે. આ પ્રસંગે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય અને કીટ વિતરણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ONGCના ડેપ્યુટી કલેક્ટર શ્રી કાર્તિકભાઈ કાચા, નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ વાણીયા, ઉપપ્રમુખ શ્રી રેખાબેન પટેલ, ચીફ ઓફિસર શ્રી સિદ્ધાર્થ પટેલ સહિત વિવિધ પદાધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અખિલ ભારતીય સાહિત્ય પરિષદ બનાસકાંઠાના ઉપક્રમે ડીસા ખાતે યોજાયો પુસ્તક વિમોચન કાર્યક્રમ



રીપોર્ટ -આનંદ ઠકકર- ડીસા

કમલમ દૈનિક,

અખિલ ભારતીય સાહિત્ય પરિષદ બનાસકાંઠા દ્વારા પ્રદેશ મહામંત્રી ભરતભાઈ ઠાકોરના અધ્યક્ષપદે ડીસા હરિઓમ સ્કૂલ ખાતે સાહિત્ય ગોષ્ઠિ અને લેખક ચેતનભાઈ જોષી લિખિત પુસ્તક "કેસરની સુવાસ"ના વિમોચનનો કાર્યક્રમ યોજાયો હતો.આ દિવ્ય અવસરે સંસ્થાના પદાધિકારીઓ તેમજ સાહિત્યપ્રેમીઓ સર્વ કનુભાઈ આચાર્ય,ભગવાનભાઈ બંધુ,કૈલાસભાઈ ત્રિવેદી,ડો.અજયભાઈ જોષી,નટુભાઈ વ્યાસ,હાપુજી ગેલોત,ડો.બાબુભાઈ પટેલ,પરમાનંદ શર્મા,પ્રવિણભાઈ નાઈ,નરેશભાઈ જોષી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર બનાસકાંઠા જિલ્લામાંથી મોટી સંખ્યામાં સાહિત્યકારો ખાસ પધાર્યા હતા..

## ગાઢવી ગામે યોજાયો 'સંવેદના દિવસ'



રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ

કમલમ દૈનિક, આહવા

સંવેદનશીલ રાજ્ય સરકારના પ્રજાલક્ષી અભિગમનો ખ્યાલ આપતા ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ ગાઢવી ખાતે આયોજિત 'સંવેદના દિવસ' ના જિલ્લા કક્ષાના કાર્યક્રમ દરમિયાન 'સુશાસન ના પાંચ વર્ષ' કાર્યક્રમ ઉજવણીનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિન નિમિત્તે 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના'ના થયેલા રાજયવ્યાપી પ્રારંભ સાથે 'સેવા સેતુ' કાર્યક્રમની કાર્યપધ્ધતિ વર્ણવતા અહીં ઉપલબ્ધ સેવાઓનો વધુમા વધુ લાભ લેવાનો પણ તેમણે અનુરોધ કર્યો હતો. કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ રાજ્ય સરકારની શ્રવણ તીર્થ યોજના સહિતની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો પણ ખ્યાલ આપ્યો હતો. ગાઢવીની પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા 'સંવેદના દિવસ' ઉજવણી કાર્યક્રમ દરમિયાન પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરતા ગાઢવીના મહિલા સરપંચ ઉપરાંત આહવા તાલુકા પંચાયતના માજી પ્રમુખ શ્રી હીરાભાઈ રાઉત એ રાજ્ય સરકારના શ્રેણીબદ્ધ કાર્યક્રમોની વિગતો રજુ કરી, તેનો લાભ લેવાની હિમાયત કરી હતી. ઉલ્લેખનિય છે કે, 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' અંતર્ગત 'કોરોના' ને કારણે માતાપિતાની છત્રછાયા ગુમાવનારા બાળકોને તેમની ૨૧ વર્ષની વય સુધી માસિક રૂ.૪ હજાર, અને માતા કે પિતા પૈકી કોઈ એક વ્યક્તિનુ અવસાન થયેથી માસિક રૂ.૨ હજારની આર્થિક સહાય ૧૮ વર્ષની વય સુધી આપવાની સંવેદનશીલ યોજના અમલમા મુકવામા આવી છે. સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિન તા.૨જી ઓગસ્ટથી આ યોજનાનો રાજયવ્યાપી શુભારંભ કરાયો છે. જેની ઉજવણી છેક છેવાડે આવેલા ડાંગ જિલ્લાના રજવાડી ગામ ગાઢવી મુકામે 'કેક' કાપીને 'સંવેદના દિવસ' ઉજવીને કરાયો હતો. ડાંગ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, અને જિલ્લા બાળ સુરક્ષા એકમ તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર ડાંગ જિલ્લામા 'કોરોના' ને કારણે માતાપિતાની છત્રછાયા ગુમાવનારા કુલ ૧૩ બાળકો, તથા એકવાલી ધરાવતા અન્ય ૭૯ મળી કુલ ૯૨ બાળકોને સંવેદનાસભર સહાય આપવામા આવી રહી છે. 'સંવેદના દિવસ : સેવા સેતુ કાર્યક્રમ' અંતર્ગત ડાંગ જિલ્લાના ગાઢવી ઉપરાંત વઘઈ તાલુકાનો કાર્યક્રમ સાકરપાતળ ગામે, અને સુબિર તાલુકાનો કાર્યક્રમ પીપલદહાડ મુકામે આયોજિત કરાયો હતો. ડાંગના 'સેવા સેતુ' કાર્યક્રમ દરમિયાન રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ, અન્ન-નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, કૃષિ-ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, નાણાં વિભાગ, પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસુલ વિભાગ, અને સામાજિક ન્યાય તથા અધિકારીતા વિભાગ જેવા જુદા જુદા ૧૩ વિભાગોની ૫૭ પ્રકારની સેવાઓ જરૂરિયાતમંદ પ્રજાજનોને તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવાઈ હતી. ગાઢવી ગામે યોજાયેલા 'સંવેદના દિવસ' ઉજવણી કાર્યક્રમમા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી નિલમ ચૌધરી, આહવા તાલુકા પંચાયતના અધ્યક્ષ શ્રીમતી કમળાબેન રાઉત, શાસક પક્ષના નેતા શ્રી સુરેશભાઈ ચૌધરી, ગાઢવી-ચનખલ અને દિવાનટેમ્બરૂન ના સરપંચો, તાલુકા/જિલ્લા પંચાયતના સદસ્યો, સહિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપીન ગર્ગ, પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.બી.ચૌધરી, પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જી.ભગોરા, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીત અને આર.સી.એચ.ઓ. શ્રી ડો.સંજય શાહ સહિતના અધિકારી, પદાધિકારીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી. કાર્યક્રમની શરૂઆતમા પ્રાંત અધિકારી સુશ્રી કાજલ ગામીતે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કર્યું હતુ. જ્યારે અંતે આભારવિધિ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચિરાગ જોશીએ આટોપી હતી. દરમિયાન મહાનુભાવોના હસ્તે 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના'ના બાળ લાભાર્થીઓને આર્થિક સહાય સહિત શૈક્ષણિક કીટ, અને પૌષ્ટિક નાસ્તાનુ વિતરણ કરવા સાથે 'ગંગાસ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના' ના લાભાર્થીઓને પણ સહાયના પ્રમાણપત્રોનુ વિતરણ કરાયુ હતુ. મહાનુભાવોએ મુખ્યમંત્રીશ્રીના જન્મદિવસ ઉજવણી પ્રસંગે લાભાર્થી બાળકો સાથે પ્રીતિ ભોજન કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. મહાનુભાવો સહિત ઉપસ્થિત પ્રજાજનોએ રાજકોટ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમા યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ નિહાળ્યુ હતુ. કાર્યક્રમની આયોજન વ્યવસ્થા પ્રાંત અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મામલતદાર શ્રી ધવલ સંગાડા તથા તેમની ટીમે સંભાળી હતી.

### શિક્ષણ અને કેળવણી થી પણ વધુ શક્તિ જ્ઞાનની છે

# "જ્ઞાન શક્તિ દિવસ"ના અવસરે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલની ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્રમમાં પ્રેરક ઉપસ્થિતિ

**સુશાસનમાં કાયદા અને કાર્યપ્રણાલીમાં સુધારા ખૂબ જ જરૂરી છે :રાજ્ય સરકારે પોલીસી,પ્રોસીઝર, પેપરવર્ક અને હ્યુમન રીસોર્સ ક્ષેત્રે ધરકમ ફેરફારો કર્યા છે – મહેસૂલમંત્રી શ્રી**



કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારને પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આ અવસર સમગ્ર રાજયમાં પાંચ વર્ષની કાર્યસિધ્ધિના ભાગરૂપે અનેકવિધ લોકાર્પણ, ખાતમૂહૂર્ત અને લાભાર્થીઓને લાભાન્વિત કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ અવસરના પ્રથમ દિવસ "જ્ઞાન શક્તિ દિવસ"ના ઉપલક્ષ્યે અમદાવાદ શહેરની ગુજરાત યુનિવર્સિટીમાં મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. "જ્ઞાન શક્તિ દિવસ"ના અવસરે મહેસૂલ મંત્રીશ્રીએ શિક્ષણ અને કેળવણી કરતા પણ જ્ઞાનની શક્તિ અમાપ હોવાનું કહ્યું હતુ. તેઓએ એમ પણ કહ્યું કે શિક્ષણ અને કેળવણી વિધાર્થીકાળ સુધી સિમિત રહી જાય છે. જ્યાર જ્ઞાનની શક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં મહત્વની છે. મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, પાંચ વર્ષ કાર્યસિધ્ધિના પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આ અવસરની ઉજવણી નહી પરંતુ પ્રજાની વચ્ચે જઈને જનહિતલક્ષી કાર્યોનો વાર્તાલાપ કરવામાં આવશે. ઓગસ્ટ મહિનાના શરૂઆતના ૯ દિવસ સુધી પ્રજાના પ્રતિનિધી પ્રજા વચ્ચે જઈને પાંચ વર્ષની કાર્યસિધ્ધી અંગે વાર્તાલાપ કરશે. સમગ્ર દેશમાં ૨૭ વર્ષ સુધી એક જ રાજકીય પાર્ટીને પ્રજાની સેવા કરવાનો મોકો મળ્યો હોય તેવું ગુજરાત એકમાત્રરાજ્ય છે. આ અગાઉ વેસ્ટ બંગાળમાં શ્રી બસુના નેતૃત્વ હેઠળની સરકારે ૨૩ વર્ષસુધી લગાતાર સત્તામાં રહીને પ્રજાની સેવા કરી હતી.ગુજરાતમાં ભા.જ.પા.નું લગાતાર ૨૭ વર્ષનું સુશાસન પ્રજાનો તેમનામાં રહેલો વિશ્વાસું સૂચન કરે છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની સરકારના ચાર આધાર સ્તંભો છે. સંવેદનશીલતા, પારદર્શિતા, નિર્ણાયકતા, પ્રગતિશીલતા રૂપી આધારસ્તંભો પર સરકાર કાર્ય કરી રહી હોવાનું જણાવી રાજ્યસરકાર તેનું અનુકરણ કરીને જે કામગીરી કરી રહી છે તેનો વિસ્તૃત ચિતાર મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે રજૂ કર્યો હતો. સરકારમાં સમયાંતરે રીફોર્મસ લાવવા ખૂબ જ જરૂરી છે. રાજ્ય અને દેશમાં કેટલાક કાયદા અને કાર્યપ્રણાલી બ્રિટીશ શાસન વખતની અનુસરવામાં આવે છે. ગુજરાત રાજ્યની સરકારે બ્રિટીશ કાર્યપ્રણાલી અને કાયદાઓમાં મહદ્અંશે ફેરફારો કરીને પ્રવર્તમાન સ્થિતિનું આંકલન કરીને તેને પ્રજાલક્ષી બનાવ્યા છે. જેમાં મહેસૂલલક્ષી કેટલીક સેવાઓ જેવી કે ઓનલાઈન એન.એ. , ડિજીટલ માધ્યમો દ્વારા ઘેરબેઠા અરજી કરવી વગેરેનો સમાવેશ થાય છે. કોઈપણ નાગરિકને સરકારી કચેરીના ધક્કા ન ખાવા પડે, આંગળીના ટેરવે રાજ્યના કોઈપણ સ્થળેથી તે અરજી કરી શકે , સરકારી સેવાનો લાભ મેળવી શકે તે માટેની ઘણી સુવિધા રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સમગ્ર કામગીરીને વધુ સરળ બનાવવા માટે પોલીસી રીફોર્મ,પ્રોસીઝર રીફોર્મ, પેપરવર્ક રીફોર્મ અને હ્યુમન રીસોર્સ ક્ષેત્રના રીફોર્મ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. જેના કારણે જનહિતલક્ષી પરિણામો મળતા થયા છે. આ કાર્યક્રમમાં અમદાવાદ કલેક્ટર શ્રી સંદિપ સાગલે, શહેરના અગ્રણી શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પ્રો.ડૉ. હિમાંશુ પંડ્યા અને ઉપલકુલપતિ શ્રી જગદિશ ભાવસાર સહિત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નમો ઈ-ટેબ્લેટ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, સંશોધન માટેની સહાય અર્પણ કરવામાં આવી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારને પાંચ વર્ષપૂર્ણ થવા જઈ રહ્યા છે. આ અવસરે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં મહેસૂલ મંત્રીના અધ્યક્ષસ્થાને વિધાર્થીઓને વિવિધ સરકારી સહાય અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સહાય કાર્યક્રમમાં પાનસરની શારદા કૉલેજ ઓફ નર્સિંગના વિધાર્થીઓને તેમના ડીજીટલ એજ્યુકેશનમાં ઉપયોગી થતા નમો ઈ-ટેબલેટની સહાય આપવામાં આવી હતી. સંશોધનને પ્રોત્સાહન આપવા અને ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિધાર્થીઓને રૂપિયા ૧૫ હજારની સહાય આપવામાં આવી હતી. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબાન યોજના હેઠળ કાર્ય કરી રહેલા વિધાર્થીઓને મદદરૂપ બનવા નાણાકીય સહાય અર્પણ કરવામાં આવી હતી.

### "જ્ઞાન શક્તિ દિવસે" ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત

ગુજરાત યુનિવર્સિટીમાં પરિસરમાં "જ્ઞાન શક્તિ દિવસ"ને ઉપલક્ષીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમની શરૂઆત પહેલા મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી અંતર્ગત તૈયાર કરાયેલ ઐતિહાસિક પુસ્તકોના સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. આજે લોકમાન્ય તિલકની પુણ્યતીથી હોવાથી તેઓએ ગ્રંથાલયમાં બાળ ગંગાધર તિલકને શ્રંધ્ધાજંલિ પણ અર્પણ કરી હતી. ત્યારબાદ મંત્રીશ્રી ગ્રંથાયલયની મુલાકાત લઈ ગ્રંથાલયમાં ઉપલબ્ધ પુસ્તકોથી પ્રભાવિત થયા હતા. આ ગ્રંથાલયમાં ૩૦૦૦ વર્ષ જૂના પુસ્તકો પણ ઉપલ્ધ છે. ભારતીય બંધારણ લખાયેલ પુસ્તકની પણ ઉપલબ્ધ નકલ મંત્રીશ્રીએ નિહાળી હતી. મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે ગ્રંથાલયમાં વોલ ઓફ રેકર્ડોસ એટલે કે ગુજરાત યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય કક્ષાના મળેલ એવોર્ડસ, સન્માન અને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના સર્ટીફીકેટને પણ નિહાળ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ પોતે પણ ગુજરાત યુનિવર્સિટીના જ વિધાર્થી હોવાથી આજની મુલાકાત વખતે તેઓ ભાવુક બન્યા હતા અને પોતાના વિધાર્થીકાળ સંભારણા અને સંસ્મરણોને વાગોળ્યા હતા.

# "આત્મનિર્ભર ભારત"ના નિર્માણમા નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ" ની રાહ ઉપર શિક્ષણ વિકાસ અને સંશોધનની દિશામાં અગ્રેસર થયુ ગુજરાત

**ડાંગ જિલ્લામા કુલ રૂપિયા નવ કરોડ બાર લાખ ઓગણીસ હજારના વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ સહીત રૂપિયા છ લાખ પાંત્રીસ હજાર પાંચસોની યોજનાકીય સહાય અર્પણ કરાઈ**

કમલમ દૈનિક, આહવાઃ

ભારતની શિક્ષણ વ્યવસ્થાને પરતંત્રતાની બેડીઓમાંથી મુક્ત કરવા, દેશને આધુનિક બનાવવા આશરે એકાદ વર્ષ પૂર્વે જ ભારતમા નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિલ્લ બની છે. આ નવી વ્યવસ્થા વિદ્યાર્થીઓને તેનુ સામર્થ્ય દેખાડવા માટેની સંપૂર્ણ આઝાદી આપે છે. તેમ જણાવતા ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રમણલાલ પાટકરે, આહવા ખાતે આ શિક્ષણ નીતિ જુદા જુદા વિષયો ભણવાની આઝાદી આપવાની સાથે વિદ્યાર્થીઓને પોતાની ભાષામા અભ્યાસ કરવાનો વિકલ્પ આપે છે તેમ જણાવ્યુ હતુ. ઉદ્યોગ સાહસિકતા, સ્વ-રોજગારને પણ પ્રોત્સાહન આપનારી આ શિક્ષણ નીતિ સંશોધનને, ઈનોવેશનને પણ પ્રોત્સાહન આપે છે. આત્મનિર્ભર ભારતના નિર્માણમા આ શિક્ષણ નીતિ પણ એક મહત્વનો પડાવ છે. દેશમા એક મજબૂત સંશોધન અને ઈનોવેશન ઈકોસિસ્ટમ બનાવવા માટે પણ સરકાર સતત કામ કરી રહી છે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતુ. છેલ્લા પાંચ વર્ષમા શિક્ષણ સહિતના લગભગ તમામ ક્ષેત્રોમા ગુજરાતની શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની પ્રગતિશીલ સરકારે દૃઢ રાજકીય ઈચ્છાશક્તિથી અને સંવેદનશીલતાપૂર્વક રીતે પરિણામલક્ષી નિર્ણાયકતા દાખવી જન જનને પારદર્શક શાસનની પ્રતીતિ કરાવી પ્રગતિશીલતાના પરચમ લહેરાવ્યા છે, તેમ જણાવતા મંત્રીશ્રીએ તા.૭મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ રાજ્યની જનતાની સેવાના ઉમદા ઉદ્દેશ હેતુથી શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તથા શ્રી નીતિનભાઈ પટેલે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લઈને ગુજરાતના વિકાસ માટેની શાસનધુરા સંભાળી. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના જનસેવાના પાંચ વર્ષના કાર્યકાળમા અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, ભૂકંપ અને કોરોના મહામારી જેવી વિકટ સમસ્યાઓ પણ આવી. આ આપત્તિઓમા નીડર લીડરોના નિર્ણાયક નેતૃત્ત્વ હેઠળ સંવેદનશીલતાપૂર્વક, પારદર્શક પ્રગતિશીલતાના દર્શન લોકોએ કર્યા છે, તેમ જણાવ્યુ હતુ. ગુજરાતના 'પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાના' ની ચર્ચા કરતા મંત્રી શ્રી પાટકરે વિકાસની હરણફાળ ભરી રહેલુ ગુજરાત આ બાબતને અત્યંત સારી રીતે સમજે છે કે ૨૧મી સદી એ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. આ કારણે જ, રાજ્યના વિદ્યાર્થીઓને વર્લ્ડ ક્લાસ એજ્યુકેશન આપી ગુજરાતને 'એજ્યુકેશનલ હબ' બનાવવા રાજ્યના કુલ બજેટના સૌથી વધુ ૧૪.૪૧ ટકા જેટલી રૂ. ૩૨,૭૧૯ કરોડની રકમ શિક્ષણ વિભાગના બજેટને ફાળવવામાં આવી છે, તેમ જણાવ્યુ હતુ. રાજ્યમા શિક્ષણ, તેને સંલગ્ન માળખાકીય સુવિધાઓ અને સંશોધનની દિશામાં થયેલી પ્રગતિની જાણકારી આપતા મંત્રીશ્રીએ રાજ્યમા વિદ્યાર્થીઓ માટે શાળાઓમા ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ સ્માર્ટ કલાસીસ સહિતની વ્યવસ્થાઓ મારફતે આ સરકારે બે દાયકામા ડ્રોપ આઉટ રેશિયો ૧૮.૭૯ ટકાથી ઘટાડી ૩.૩૯ ટકા જેટલો નીચો લાવી દીધો છે. ભૂતકાળમા પાછલા બે, અઢી દાયકામા સ્ટુડન્ટ કલાસરૂમ રેશિયો પણ એક વર્ગ ખંડ દિઠ ૩૮ થી ઘટાડી ૨૭, અને ૪૦ વિદ્યાર્થી દિઠ એક શિક્ષકથી હવે ૨૮ વિદ્યાર્થી દિઠ એક શિક્ષક સુધી લઈ જવાયો છે, તેમ ઉમેર્યુ હતુ. શિક્ષણના સુદ્રઢીકરણ માટે શાળામા પૂરતા શિક્ષકોની અનિવાર્યતા આવશ્યક છે. આ કારણે જ, રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમા ૩૯૦૦ વિદ્યા સહાયકો, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમા ૫૮૧૦, અને ઉચ્ચ શિક્ષણ, કોલેજોમા ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી આવનારા સમયમા થવાની છે, જેની જાણકારી આપતા તેમણે રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમા સરકારી માધ્યમિક શાળાઓમા કુલ ૧૩,૯૬૨ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા કુલ ૩૯૨૧ શિક્ષકોની ભરતી કરી છે. એટલું જ નહીં, સરકારી કોલેજોમાં કુલ ૪૫૨ તેમજ અનુદાનિત કોલેજોમા કુલ ૧૫૮૫ આચાર્ય, પ્રાધ્યાપકોની પણ ભરતી કરવામાં આવી છે તેમ કહ્યુ હતુ. રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમા કુલ ૫૦૦ સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સહિતની શાળાઓને મંજૂરીઓ પણ આપી છે. રાજ્યમા શિક્ષણ ક્ષેત્રે લેવામા આવેલા અનેક નિર્ણયોને કારણે છેલ્લા બે દાયકામા સાક્ષરતા દર ૨૦૦૧મા ૬૯.૧૪ ટકા સાક્ષરતા દર હતો, તે હવે ૭૮.૦૩ ટકા પર પહોંચ્યો છે. સાથે પરીક્ષાનુ પ્રશ્નપત્ર ગોડાઉનથી લઈને કલાસરૂમ સુધી પહોચતા સુધી સંપૂર્ણ સુરક્ષિત અને સીલ બોક્ષમા છે તેની જડબેસલાક ખાતરી માટે શિક્ષણ વિભાગે ખાસ મોબાઈલ એપ્લીકેશન પેપર બોક્ષ ઓથેન્ટીકેશન એન્ડ ટ્રેકિંગ એપ્લીકેશન" છ્છ વિકસાવી છે. સંપૂર્ણ પારદર્શિતાથી આ કામગીરી થાય છે. એટલું જ નહિ ધો-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓમા ગેરરીતિને કોઈ જ અવકાશ ન રહે તે માટે પરીક્ષા કેન્દ્રો ઉપર વીજીલન્સ સ્કવોડ, સી.સી.ટીવી કેમેરા અને ટેબ્લેટથી સતત દેખરેખ રાખવામાં આવે છે. ૨૧મી સદીમા ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી શાળાઓમા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકાય તે હેતુસર આગામી ૬ વર્ષમા 'મિશન સ્કુલ ઓફ એક્સલન્સલ્લ પ્રોજેક્ટ હાથ ધરવામા આવી રહ્યો છે. જેની જાણકારી પણ મંત્રી શ્રી રમણલાલ પાટકરે આ વેળા આપી હતી. ગુજરાતનો વિદ્યાર્થી વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે તે હેતુથી રાજ્ય સરકાર આ પ્રોજેક્ટને અમલમા મૂકી રહી છે. 'મિશન સ્કુલ ઓફ એક્સલન્સલ્લ પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેંક, એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ બેંક (છૈંમ્) તેમજ એશિયન ડેવલપમેન્ટ બેંક (છઙ્મ) પાસેથી કુલ રૂ.૬૩૭૫ કરોડનું ભંડોળ મેળવી, રાજ્યની શાળાઓના જર્જરીત ઓરડાઓનુ રીપેરીંગ કામ, તેમજ નવા ઓરડા બનાવવાની કામગીરી પણ કરવામા આવશે. આ મિશન હેઠળ ૧૫,૦૦૦ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને આવરી લઈ, આ શાળાઓમા સિવિલ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચરને અત્યાધુનિક કરવામા આવશે. સાથે સાથે રાજ્યમા આવેલી ઐતિહાસિક મહત્વ અને વિશષ્ટ પ્રકારના હેરિટેજ સ્થાપત્ય ધરાવતી પ્રાચીન શાળાઓના નવિનીકરણ માટે 'હેરિટેજ સ્કુલ્સ રીનોવેશન પ્રોગ્રામલ્લ માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેમ જણાવતા પ્રભારી મંત્રીશ્રીએ સૌને માટે શિક્ષણનો અધિકાર રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત શાળાઓમાં ઈ્ઈ હેઠળ અત્યાર સુધીમા સમગ્ર રાજ્યમા કુલ ૩,૮૬,૨૭૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે, તેમ જણાવ્યુ હતુ. રાજ્યની સંવેદનશીલ સરકારે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા દેશભરમા જ્યારે લોકડાઉન જાહેર થયુ, ત્યારે મધ્યાહન ભોજન યોજના હેઠળ નોંધાયેલા તમામ ૫૦.૩૫ લાખ વિદ્યાર્થીઓને ૧૬ માર્ચ ૨૦૨૦થી ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી એટલે ૨૪૭ શાળાના દિવસો દરમ્યાન તમામ વિદ્યાર્થીઓને ફૂડ સિક્યુરિટી એલાઉન્સીસ અંતર્ગત રૂ. ૭૩૧.૭૫ કરોડના ખર્ચે અને ૧,૪૮,૧૧૭ મેટ્રિક ટન અનાજની ફાળવણી તબક્કાવાર કરવામા આવી હતી, તેમ પણ તેમને આ વેળા ઉમેર્યુ હતુ. ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્ય આપતા શિક્ષકો, ગુરુજનોને આદિવાસી સમાજના બાળકોને ઉત્તમ સંસ્કાર સાથે શિક્ષણ આપવાની હિમાયત કરી હતી. તેમણે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ડાંગના ડુંગરાઓ ખૂંદીને આદિવાસી સમાજ પાસે તેમના સંતાનોને શાળાએ મોકલવાની ભિક્ષા માંગી હતી, જેના પરિણામે આજે ચારેકોર શિક્ષણનો વિકાસ નજરે પડી રહયો છે તેમ ઉમેર્યુ હતુ. સમાજના દરેક વર્ગની ચિંતા સાથે કાર્યરત રાજ્ય અને કેન્દ્ર સરકારે શિક્ષણ ક્ષેત્રે ઉપલબ્ધ કરાવેલી સાધન, સુવિધાઓની પણ વિગતો ધારાસભ્યશ્રીએ આ વેળા આપી હતી. 'જ્ઞાનશક્તિ દિવસ' ઉજવણી કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લામા 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટ' હેઠળ કુલ રૂ.૭૫.૬ લાખના ખર્ચે તૈયાર કરાયેલા ૧૯ જેટલી પ્રાથમિક શાળાઓના ઓરડાઓના લોકાર્પણ સહિત રૂ.૮૨.૧૩ લાખના ખર્ચે ૬ માધ્યમિક શાળાઓ ખાતે તૈયાર કરાયેલીં ઞ્ લેબ, અને રૂ.૬૨૬ લાખના ખર્ચે ૧૧ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ૫૫ જેટલા વર્ગખંડોનુ લોકાર્પણ કરાયુ હતુ. જ્યારે રૂ.૧૨૯ લાખના ખર્ચે બે પ્રાથમિક શાળાઓ ખાતે તૈયાર થનારા ૧૪ વર્ગખંડોનુ ખાતમુહૂર્ત મળી આજે કુલ રૂપિયા નવ કરોડ બાર લાખ ઓગણીસ હજારના વિકાસ કામોની ભેટ મળી છે. આ ઉપરાંત ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ ક્ષેત્રે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ૧૦ લાભાર્થીઓને રૂ.૫ લાખ ૭૫ હજાર ૫૦૦ ની સહાય સાથે, શોધ યોજના અંતર્ગત ચાર લાભાર્થીઓને રૂ.૬૦ હજારની સહાય મળી કુલ રૂપિયા છ લાખ પાંત્રીસ હજાર પાંચસોની સહાય પણ એનાયત કરવામા આવી હતી. જ્યારે જિલ્લાના ૫૦૩ લાભાર્થીઓને નમો ઈ ટેબ્લેટનુ પણ મહાનુભાવોના હસ્તે આજે વિતરણ કરાયુ હતુ. આહવાના ડાંગ દરબાર હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન નીલમબેન ચૌધરી, વલસાડ જિલ્લાના આર્થિક સેલના સહ કન્વીનર અને સામાજિક કાર્યકર શ્રી મહેશભાઈ ભટ્ટ, જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપીન ગર્ગ, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નિવાસી અધિક કલેકટર શ્રી પદ્મરાજ ગામીત, સ્થાનિક પદાધિકારીઓ, અને અધિકારીઓ, શિક્ષણ સંસ્થાઓના પ્રતિનિધિઓ, અને લાભાર્થીઓએ ઉપસ્થિત રહી તેમની ભૂમિકા નિભાવી હતી. આહવા સહિત જિલ્લામા જુદા જુદા ૩૮ સ્થળોએ 'જ્ઞાનશક્તિ દિવસ' ના કાર્યક્રમની ઉજવણી કરવામા આવી હતી. આહવા ખાતેના કાર્યક્રમની શરૂઆતે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.સી.ભૂસારાએ કર્યુ હતુ. જ્યારે અંતે આભારવિધિ સરકારી કોલેજના પ્રિન્સીપાલશ્રીએ આટોપી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા રાજયકક્ષાના જીવંત કાર્યક્રમને પણ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી નિહાળ્યો હતો.



રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ

# સૈન્યની ત્રણેય પાંખ દ્વારા માઉન્ટ મણીરંગ પર પર્વતારોહણ કૂચ



કમલમ દૈનિક,

ભારતીય વાયુ સેના દ્વારા સૈન્યની ત્રણેય પાંખ માટે, સર્વ મહિલા પર્વતારોહણ કૂચનું આયોજન કરવામાં આવ્યું છે. 'આઝાદીનો અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે માઉન્ટ મણીરંગ (૨૧,૬૨૫ ફુટ) પર પર્વતારોહણનું આ આયોજન કરવામાં આવ્યું છે. વિંગ કમાન્ડર ભાવના મહેરાના નેતૃત્વમાં ૧૫ પર્વતારોહકોની ટીમને આજે એર ઑફિસર-ઈન-ચાર્જ એડમિનિસ્ટ્રેશન એર માર્શલ વી.પી.એસ. રાણા ફજીસએ વિધિવત રવાના કરી હતી. આ ટીમ ૧૫ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ શિખર પર પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે. એર માર્શલે ટીમને તેમનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરી હતી અને આ કૂચની સુવિધા કરી આપવા બદલ આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી. ટીમના અન્ય ૧૪ સભ્યોમાં વિંગ કમાન્ડર એન. લિન્યૂ, વિંગ કમાન્ડર નિરુપમા પાંડે, વિંગ કમાન્ડર લલીતા મિશ્રા, વિંગ કમાન્ડર વ્યોમિકાસિંહ, ફ્લાઈટ લેફ્ટેનન્ટ કોમલ પહુજા, લેફ્ટેનન્ટ કોલોનલ ગીતાંજલી ભટ્ટ, મેજર સૌમ્ય શુકલા, મેજર વીણુ મોર, મેજર ઉષા કુમારી, મેજર રચના હૂડા, લેફ્ટેનન્ટ કમાન્ડર નંદિની દેમરોય, લેફ્ટેનન્ટ કમાન્ડર સિનો વિલ્સન, લેફ્ટેનન્ટ કમાન્ડર છામ કુમારી અને લેફ્ટેનન્ટ કમાન્ડર રેણુ રામદુર્ગ છે. માઉન્ટ મણીરંગ હિમાચલ પ્રદેશમાં કિન્નૌર અને સ્પિતિ જિલ્લાની સરહદે આવેલો છે. મણીરંગ પાસ આ શિખરની નજીકમાં જ આવેલો છે અને બંને જિલ્લા વચ્ચે પ્રારંભિક સમયમાં વ્યાપારિક માર્ગોમાંથી એક માર્ગ આ રૂટ પણ છે.

# ડીસા ખાતે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાનું થયેલ સન્માન



રીપોર્ટ -આનંદ ઠકકર- ડીસા

કમલમ દૈનિક,

ડીસા હાઈવે ખાતે સુવિધાજનક ઓવરબ્રિજ બનાવવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરવા બદલ ડીસાની હાઈવે અકસ્માત નિવારણ સમિતિ અને જય જલારામ ટ્રસ્ટના ઉપક્રમે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાનું દબદબાભેર સન્માન કરાયું હતું.આ અવસરે ડીસા નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ઠકકર,ડૉ.સી.કે.પટેલ,કનુભાઈ આચાર્ય,ભગવાનભાઈ બંધુ,હસમુખભાઈ વેદલીયા,શશીકાંતભાઈ ડી.ઠકકર,જગદીશભાઈ પૂજારા,ભાજપ અગ્રણીઓ કૈલાસભાઈ ગેલોત,પ્રતિકભાઈ પઢિયાર,હકમાજી જોષી,રાકેશભાઈ પટેલ તેમજ ડીસાની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# આહવા ખાતે યોજાશે 'અન્ન ઉત્સવ'

## ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતી લીલાબેન અંકોલીયા રહેશે ઉપસ્થિત



રીપોર્ટ -અમરનાથ જગતાપ-ડાંગ

કમલમ દૈનિક, આહવા

'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધતા 'અન્ન ઉત્સવ' કાર્યક્રમની મીડિયાકર્મીઓને રૂપરેખા આપતા કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ 'સૌને અન્ન, સૌને પોષણ : ધન્યવાદ મોદીજી' કાર્યક્રમનો હાર્દ સ્પષ્ટ કર્યો હતો. તા.૩જી ઓગસ્ટના રોજ 'સુશાસન ના પાંચ વર્ષ' ની ઉજવણી કાર્યક્રમ અંતર્ગત ત્રીજા દિવસે યોજાનારા 'અન્ન ઉત્સવ' કાર્યક્રમની જાણકારી આપતા કલેકટર શ્રી પંડ્યાએ આહવાના સર્કિટ હાઉસ ખાતે સ્થાનિક મીડિયાકર્મીઓ સાથે સંવાદ સાધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સવારે ૧૧ કલાકે આહવાના ડાંગ દરબાર હોલ ખાતે ડાંગ જિલ્લાના જિલ્લા કક્ષાના 'અન્ન ઉત્સવ' કાર્યક્રમમા ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતી લીલાબેન અંકોલીયા ઉપસ્થિત રહી, રાજ્ય સરકારના કાર્યક્રમોની ઝાંખી કરાવશે.જે અંગેની જાણકારી પણ કલેકટરશ્રીએ આ વેળા આપી હતી. જિલ્લા પુરવઠા કચેરી દ્વારા આયોજિત પ્રેસમીટ મા નિવાસી અધિક કલેકટર શ્રી પદ્મરાજ ગામીત, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પ્રતીક પટેલ તથા તેમની ટિમ, સહાયક માહિતી નિયામક શ્રી કે.એસ.પરમાર તથા માહિતી વિભાગની ટિમે ઉપસ્થિત રહી તેમની ભૂમિકા અદા કરી હતી.

# વાપી ચલા સરકારી હોસ્પિટલ ખાતે ફ્રુટ વિતરણ કરાયું

### ગુજરાત ના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ના જન્મદિન નિમિત્તે વાપી ચલા સરકારી હોસ્પિટલ ખાતે બક્ષીપંચ મોરચા દ્વારા જિલ્લા ભાજપ ના મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ ની આગેવાની હેઠળ ફ્રુટ વિતરણ કરાયું



કમલમ દૈનિક, વલસાડ -રિપોર્ટ-સીમા ભટ્ટાચાર્ય

ગુજરાત રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રી માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી ના જન્મદિવસ નિમિત્તે વાપી શહેર બક્ષીપંચ મોરચા દ્વારા ચલા સરકારી હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ , પારડી વિધાનસભાના ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઇ , વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી સતીષભાઈ પટેલ , મહામંત્રી શ્રી દિલીપભાઈ પાટીલ , વાપી નગરપાલિકા પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ , ઉપપ્રમુખશ્રી મુકુન્દા બેન પટેલ , વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી શ્રી ચેતનભાઈ પ્રજાપતિ , વલસાડ જિલ્લા મહિલા મોરચાના કોષાધ્યક્ષ શ્રી અરુણાબેન પટેલ , વાપી શહેર સંગઠન મંત્રી શ્રી ફાલ્ગની બેન શાહ , વાપી શહેર બક્ષીપંચ મોરચા પ્રમુખ શ્રી વિપુલભાઈ રાજપુત , બક્ષીપંચ મોરચા વાપીના મહામંત્રી શ્રી ગીરીશભાઈ , વાપી શહેર સંગઠનના હોદેદારો , શ્રી ઓ કોર્પોરેટર શ્રી ઓ અને તમામ મોરચાના હોદેદારશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા .

# સંસ્કૃતિ મંત્રાલયે આ વર્ષે સ્વતંત્રતા દિવસે 'આઝાદીનો અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવા માટે અન્ય કાર્યક્રમનો આરંભ કર્યો



- **WWW.RASHTRAGAAN.IN પર ક્લિક કરો અને તમારો વીડિયો અપલોડ કરીને 'આઝાદીનો અમૃત મહોત્સવ'નો હિસ્સો બનો**
- **૧૫ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ રાષ્ટ્રગાનનું સંકલન લાઈવ બતાવવામાં આવશે**
- **'આઝાદીનો અમૃત મહોત્સવ' ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષને યાદગાર બનાવવા માટે શરૂ કરવામાં આવેલી અનોખી પહેલ છે**

કમલમ દૈનિક,

ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષ નિમિત્તે સમગ્ર રાષ્ટ્રમાં 'આઝાદીનો અમૃત મહોત્સવ' ઉજવવામાં આવી રહ્યો છે. આ ઉજવણીઓમાં લોકોને સામેલ કરવા માટે સંખ્યાબંધ અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રગાન સાથે જોડાયેલી આવી જ એક પહેલ આ વર્ષે સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી છે જેથી દેશભરના તમામ ભારતીયોમાં રાષ્ટ્ર પ્રત્યેનું ગૌરવ અને એકતાની ભાવના વધુ મજબૂતીપૂર્વક જળવાઈ રહે. આ પહેલમાં, લોકોને રાષ્ટ્રગાન ગાઈને, રેકોર્ડ કરીને તેનો વીડિયો WWW.RASHTRAGAAN.IN પર અપલોડ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ૧૫ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ આ રાષ્ટ્રગાનના વીડિયોનું સંકલન બતાવવામાં આવશે. આ પહેલની જાહેરાત ૨૫ જુલાઈના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત કાર્યક્રમ દરમિયાન 'આઝાદીનો અમૃત મહોત્સવ'ના ભાગરૂપે કરી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "મહત્તમ ભારતીયો રાષ્ટ્રગાન ગાય તે માટે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવેલો આ પ્રયાસ છે. આના માટે, **Rashtragan.in** નામની એક વેબસાઈટ પણ તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઈટની મદદથી, તમે રાષ્ટ્રગાન ગાઈને તેનું રેકોર્ડિંગ કરી શકો અને આ પ્રકારે આ અભિયાનમાં જોડાઈ શકો છો. મને આશા છે કે, આ ઉમદા પહેલમાં તમે જરૂર જોડાશો." લોકોને રાષ્ટ્રગાન ગાવા માટે અને રાષ્ટ્રની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે પ્રોત્સાહિત કરતા સંસ્કૃતિ, પર્યટન અને પૂર્વોત્તર પ્રદેશ વિકાસ મંત્રી (**DoNER**) શ્રી જી. કિશન રેડ્ડીએ આજે પોતે જ રાષ્ટ્રગાન ગાઈને તેમનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. તેમણે ટ્વીટ કરીને લખ્યું હતું કે, "આપણે ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યાં હોવાથી, ચાલો સૌ રાષ્ટ્રગાન ગાવા માટે સાથે મળીને ઉજવણી કરીએ! મેં મારો વીડિયો રેકોર્ડ કર્યો છે અને તેને અપલોડ કર્યો છે. તમે કર્યો?" તેમણે વધુમાં લખ્યું હતું કે, 'હું તમામ નાગરિકોને તેમનો વીડિયો રેકોર્ડ કરવા માટે અને **http://rashtragaan.in** પર અપલોડ કરવા માટે આહ્વાન કરુ છુ. **#AmritMahotsav**' મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી કે, સમગ્ર વિશ્વમાં વસતા ભારતીયો આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે અને યુવાવર્ગમાંથી મહત્તમ સંખ્યામાં લોકોને આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતું. ૧૫ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ અપલોડ કરેલા આ રાષ્ટ્રગાનના વીડિયોનું સંકલન લાઈવ બતાવવામાં આવશે. સ્વતંત્રતા સેનાની પિંગલી વેંકૈયાની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે, મંત્રીશ્રીએ તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. તેમણે ટ્વીટ કરી હતી કે, "શિક્ષણવિદ્, મહાન સ્વતંત્રતા સેનાની અને લાખો ભારતીયોના દિલમાં ગૌરવ તેમજ દેશભક્તિની ભાવના જગાવતા ભારતના રાષ્ટ્રધ્વજની ડિઝાઈન તૈયાર કરનારા શ્રી **#PingaliVenkayya garu** ને તેમની જન્મજયંતિ નિમિત્તે હું શ્રદ્ધાંજલી અર્પણ કરુ છુ." ૧૯૧૬માં, પિંગલી વેંકૈયાએ 'અ નેશનલ ફ્લેગ ફોર ઈન્ડિયા' (ભારતનો રાષ્ટ્રધ્વજ) નામથી એક પુસ્તક પ્રકાશિત કર્યું હતું જેમાં વિવિધ દેશોના ધ્વજોનું વર્ણન આપ્યું હતું અને ભારતના રાષ્ટ્રધ્વજ વિશે વિવિધ આઈડિયા રજૂ કર્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એવી ભાવના વ્યક્ત કરી છે કે, 'આઝાદીનો અમૃત મહોત્સવ' દ્વારા આપણી સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી એક લોક ચળવળ બની જાય.

સંસ્કૃતિ મંત્રાલય અન્ય મંત્રાલયો સાથે મળીને આવા કાર્યક્રમો ઓળખી રહ્યું છે અને પાયાના સ્તરે પ્રસંગ અનુસાર ઉજવણી કરવા માટે વિવિધ સમુદાયો સાથે કામ કરી રહ્યું છે. દેશમાં ૧૫ ઑગસ્ટ ૨૦૨૨ના રોજ ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે, બરાબર ૭૫ અઠવાડિયા પહેલાં કાઉન્ટડાઉનના આરંભ તરીકે, આ વર્ષે ૧૨ માર્ચના રોજ મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમ ખાતેથી 'આઝાદીનો અમૃત મહોત્સવ'ની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી 'આઝાદીનો અમૃત મહોત્સવ' સંબંધિત વિવિધ કાર્યક્રમોનું દેશભરમાં જમ્મુ અને કાશ્મીરથી લઈને પુડુચેરી અને ગુજરાતથી લઈને પૂર્વોત્તર સુધીના પ્રદેશમાં આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ક્ષેત્રીય લોકસંપર્ક કાર્યાલય, સુરત દ્વારા ભરૂચ જિલ્લાના સમની ગામ ખાતે કોવિડ-૧૯ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો





કમલમ દૈનિક,

ભારત સરકારના ક્ષેત્રીય લોકસંપર્ક કાર્યાલય, સુરત દ્વારા ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના સમની ગામ ખાતે કોરોના ઉચિત વ્યવહાર અને રસીકરણ જાગૃતા પર વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં સમનીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેડીકલ ઓફીસર ડોક્ટર પ્રિયંકાબેન ભગત, સમની ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેડીકલ ઓફીસર ડોક્ટર દીપમાલાબેન, સમની ગામની હાઈસ્કૂલના આચાર્યશ્રી રાકેશ પટેલ તેમજ પટેલ વિદ્યાલયના સેક્રેટરીશ્રી કમલેશ પટેલ વગેરે ગણમાન્ય વ્યક્તિઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ સમની ગામના રહેવાસીઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત સમની ગામના લોકોને કોરોના વાયરસ સંક્રમણને ફેલાતુ અટકાવાના ઉપાયો તેમજ રસીકરણ અભિયાનમાં ભાગ લઈ સર્વે રહેવાસીઓને રસી મુકાવવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. સરકારના રસીકરણ અભિયાનમાં ભારતના દરેક નાગરિકને વિના મૂલ્ય રસી આપવાની હોવાથી રસી અચુક લેવા જણાવવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને કોવિડ-૧૯ વિશે જાણકારી સાથે તેનાથી બચવાના ઉપાયોની માહિતી મળે તેમજ કોવિડ-૧૯ રસી વિશેની ગેરસમજ કે ગેરમાન્યતાઓ દૂર થાય અને લોકો રસી લઈ કોરોના સામે રક્ષણ મેળવે તે માટે આ જાગૃતિ અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. કોરોના જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત આયોજિત પ્રશ્નમંચ સ્પર્ધા તેમજ સુત્રસ્પર્ધાનાવિજયી પ્રતિભાગીઓને ક્ષેત્રીય લોકસંપર્ક કાર્યાલય, સુરત દ્વારા ઈનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

# પર્યટન મંત્રાલયે ગુજરાતમાં સ્વદેશ દર્શન યોજના હેઠળ કુલ રૂ. ૧૭૯.૬૮ કરોડના 3 પરિયોજના મંજૂર કરી છે : શ્રી જી. કિશન રેડ્ડી

કમલમ દૈનિક,

ગુજરાતમાં 'તીર્થયાત્રા કાયાકલ્પ અને આધ્યાત્મિક, વિરાસત સંવર્ધન અભિયાન (**PRASHAD**)' પર રાષ્ટ્રીય મિશન અંતર્ગત કુલ રૂ. ૧૦૫.૫૬ કરોડના ૩ પરિયોજનાઓને મંજૂર કરવામાં આવી. પ્રવાસન સ્થળોની ઓળખ, પ્રોત્સાહન અને વિકાસ મુખ્યત્વે રાજ્ય સરકાર/કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસનની જવાબદારી છે. પર્યટન મંત્રાલય તેની યોજના 'સ્વદેશ દર્શન' અંતર્ગત માળખાકીય વિકાસને લગતા વિષયોના પ્રોજેક્ટ્સને મંજૂરી આપે છે. પ્રોજેક્ટ્સ રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર સાથે પરામર્શમાં વિકાસ માટે ઓળખવામાં આવે છે અને ભંડોળની ઉપલબ્ધતા, યોગ્ય વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ પ્રસ્તુત કરવા, યોજના માર્ગદર્શિકાઓનું પાલન અને અગાઉ બહાર પાડવામાં આવેલા ભંડોળના ઉપયોગ વગેરેને મંજૂર કરવામાં આવે છે. પ્રવાસન મંત્રાલયે સ્વદેશ દર્શન યોજના હેઠળ રૂ. ૧૭૯.૬૮ કરોડની કુલ રકમના ૦૩ પ્રોજેક્ટ અને ગુજરાત રાજ્યમાં 'યાત્રાધામ કાયાકલ્પ અને આધ્યાત્મિક, વિરાસત સંવર્ધન અભિયાન (**PRASHAD**) પર રાષ્ટ્રીય મિશન અંતર્ગત કુલ રૂ. ૧૦૫.૫૬ કરોડના ૦૩ પ્રોજેક્ટ મંજૂર કર્યા છે.

### સંવેદના દિન નિમિત્તે નવસારી જિલ્લાની 3 નગરપાલિકાઓ સહિત ૬ ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયા

# સંવેદના દિવસની ઉજવણી અંતર્ગત કોરોના મહામારીમાં કોઈપણ એક વાલી ગુમાવનાર બાળકોને મહિને રૂ. ૨,૦૦૦ ની સહાય સીધી જ બેંકમાં જમા કરવાના સેવા યજ્ઞનો પ્રારંભ -રાજ્યમંત્રીશ્રી બચુભાઇ ખાબડ

### સેવા સેતુ અને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વિવિધ યોજનાઓના સહાય અને લાભો લાભાર્થીઓને મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયા















કમલમ દૈનિક, નવસારી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના યશસ્વી નેતૃત્વમાં રાજ્ય સરકારનાં પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે નવસારી જિલ્લામાં આજે સંવેદના દિન નિમિત્તે ૩ નગર પાલિકા વિસ્તાર સહિત ૬ ગ્રામ્ય વિસ્તારમાં ઘર આંગણે નાગરિકોને વિવિધ જનહિતકારી યોજનાઓના દસ્તાવેજો સરળતાથી મળી રહે એ માટે સેવા સેતુ કાર્યક્રમ યોજાયા હતા.

જેમાં નવસારી નગરનો સેવાસેતુ કાર્યક્રમ રામજી મંદિર હોલ ખાતે ગ્રામ વિકાસ ગ્રામગૃહ નિર્માણ અને પશુપાલન રાજ્ય મંત્રીશ્રી બચુભાઇ ખાબડની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે રાજ્ય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે જણાવ્યું હતું કે, સંવેદના દિવસની ઉજવણી અંતર્ગત કોરોના મહામારીમાં કોઈપણ એક વાલી ગુમાવનાર બાળકોને મહિને રૂ. ૨,૦૦૦ ની સહાય સીધી જ બેંકમાં જમા કરવાના સેવા યજ્ઞનો પ્રારંભ રાજ્ય સરકારે કર્યો છે. રાજ્ય સરકાર સામાન્ય નાગરિકોને ઘરઆંગણે જ વિવિધ ૫૭ જેટલી જનહિતકારી સુવિધાઓનો લાભ સેવાસેતુ થકી ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવ્યો છે.

રાજ્ય સરકારે સામાન્ય માણસનું હિત હંમેશા લક્ષમાં રાખીને જ કામગીરી કરી છે. રાજ્યમાં સેવાસેતુ કાર્યક્રમ થકી નાગરિકોને ઘરઆંગણે જ સુવિધાઓ મળી રહેતા મોટી રાહત થઈ છે.

આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ શ્રી જિગીશભાઇ શાહે નગરજનોને રાજ્ય સરકાર દ્વારા પૂરી પડાતી વિવિધ જનહિતલક્ષી યોજનાઓ તેમજ સુવિધાઓનો મહત્તમ લાભ લેવા જણાવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ઘરઆંગણે જયારે સેવાસેતુ થકી વિવિધ સુવિધાઓ પૂરી પડાઇ રહી છે ત્યારે નગરજનોએ પણ તેનો અવશ્ય લાભ લેવો જોઈએ. તેમણે વધુમાં કહ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંવેદના દિવસ અન્વયે યોજાનારા સેવાસેતુ સહિતના કાર્યક્રમોમાં નાના, સામાન્ય વર્ગના, ગરીબ, વંચિત લોકોને દિવ્યાંગ, વૃદ્ધો અને કોરોનામાં માતા-પિતા ગુમાવનારા નિરાધાર અનાથ બાળકોને વિવિધ લાભ- સહાય અપાઇ હતી. કાર્યક્રમ બાદ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ તથા મહાનુભાવોએ કોરોનામાં માતાપિતા ગુમાવનાર બાળકો સાથે ભોજન લઇ સંવેદનાસભર અભિગમ દાખવ્યો હતો. આ અવસરે જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અર્પિત સાગર, અધિક જિલ્લાશ કલેકટરશ્રી કેતન જોશી, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, અગ્રણીઓ શ્રી રણજીતભાઈ ચીમલા, શ્રી પરેશભાઈ કાસુન્દ્રા, શ્રી જિજ્ઞેશભાઈ દેસાઇ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028